## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મારી દૃષ્ટિએ આજનો દિવસ એટલે... પીવાવાળા ઓલી બાજુ રહ્યા અને આપણી બાજુ સીધા માણસો... આપણા જેવા રહ્યા...

# રાજયના પાર્ટ ટાઈમ કર્મચારીઓના સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ધરણાં

## મુખ્યમંત્રી, કલેકટર તથા નાણાં સચિવને આવેદનપત્ર અપાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સે-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે આજે ગુજરાત રાજય અંશકાલીન કર્મચારી મંડળ દ્વારા પ્રતિક ઉપવાસ ધરણાં હાથ ધરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ ઉપસ્થિત રહી રાજયના પાર્ટ ટાઈમ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રાજય સરકાર સમક્ષ ઉગ્ર લડત ચલાવવા નિર્ણય કરવામાં આવ્યો હતો. આ સાથે કર્મચારી મંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા જિલ્લા કલેકટર સતીષ પટેલ તેમજ નાણાં વિભાગના સચિવને આવેદનપત્રો આપવામાં આવ્યા હતા. સાંજે કર્મચારી મંડળે પારણાં કર્યા હતા.



અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારમાં જુદી જુદી કચેરીઓમાં ૨૫ વર્ષથી પણ વધુ સમયથી માત્ર ઓન પેપર પર કહેવાતા જ સરકારી અંશકાલીન કર્મચારીઓને થતાં અન્યાયને દૂર કરીને ન્યાય આપવા સરકારને અવારનવાર ઘણી બધી રજુઆતો કરી પણ સરકારી અંશકાલીન કર્મચારીઓના પ્રાણપ્રશ્ન કાયમી કરવાની જગ્યાઓએ એવો પરિપત્ર કરેલ છે કે ઘણા કર્મચારીઓને ફરજ પરથી છૂટા કરી દીધા છે. તો ઘણા કર્મચારીઓ હાઈકોર્ટનો સ્ટે ઓર્ડરથી ફરજ પર ચાલુ છે.

હાલમાં વર્ગ-૪ના કર્મચારીઓને બદલે કોન્ટ્રાકટ પર માણસોને રાખવામાં આવેલ છે. જે અંશકાલીન કર્મચારીઓ અને કોન્ટ્રાકટના કર્મચારીઓ એક સમાન કામ અને સમય હોય તો પણ કોન્ટ્રાકટરને એક કર્મચારી દીઠ રૂ. ૧૪૯૯૩ માસિક વેતન ચૂકવવામાં આવે છે. અને વર્ષો જુના સરકારી અંશકાલીન કર્મચારીઓને માત્ર રૂ. ૨૨૬+૨૬ ભથ્થા સાથે કુલ રૂ. ૨૪૬ એક દિવસનું વેતન ચૂકવવામાં આવે છે. હમણાં બે વખત કોન્ટ્રાકટનો પગાર વધારો કરેલ છે પણ અમારા કર્મચારીઓને આજ દિન સુધી પગાર વધારો કરેલ નથી.

ફિકસ પગારી સરકારી અંશકાલીન કર્મચારીઓ માટે અગાઉ કાયમી કરવાનો પરિપત્ર ૨૬-૧૨-૧૯૮૦માં હતો. જે કરકસર રૂપે તા. ૨૧-૮-૧૯૯૫માં સ્થગિત કરવામાં આવેલ. જે સરકારે ચાલુ કરીને અંશકાલીન કર્મચારીને કાયમી કરવાની જગ્યાએ રદ કરેલ છે. અને સરકારે તા. ૧-૫-૨૦૦૭ના રોજ પરિપત્ર કર્યો જેમાં માત્રનો માત્ર ૫ ટકા અંશકાલીન કર્મચારીઓને કાયમી કરવામાં આવેલ બાકીના ૯૫ ટકા અંશકાલીન કર્મચારીઓને ઘેર બેસાડવા પ્રયાસ કર્યો જે ન્યાયની વિરુદ્ધ છે. આ પડતર પ્રશ્નો અંગે કર્મચારીઓ લડત ચલાવી રહ્યા છે તેવું મંડળના જિલ્લા કન્વીનર દિનેશ સોલંકીએ જણાવ્યું હતું.



ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે રવિશંકર મહારાજની પ્રતિમાને ઘ.૫ સર્કલ પુષ્પાંજલિનો કાર્યક્રમ રાખેલ. જેમાં ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશીષભાઈ દવે, એસ.ટી. બોર્ડ નિગમના ડિરેક્ટર ભગવાનદાસ પંચાલ, મેયર પ્રવીણભાઈ પટેલ, મહાનગર અધ્યક્ષ મહેન્દ્રભાઈ દાસ, ઉપપ્રમુખ ઉરેન પટેલ, કીર્તિ પટેલ, અમૃતભાઈ દેસાઈ, મહામંત્રી રૂચિરભાઈ ભટ્ટ, કનુભાઈ દેસાઇ , વોર્ડ પ્રમુખો, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ હાજરી આપી હતી.

## રાજયના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ખાતે રોજગાર ભરતી મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૧

રાજયના ૫૭મા સ્થાપના નિમિત્તે ગાંધીનગર જિલ્લાના યુવાધનને રોજગારી પ્રાપ્ત થાય અને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે તેવા ઉમદા આશયથી આજરોજ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર અને રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત આ મેળામાં કુલ-૨૬૭ ઉમેદવારોએ ભાગ લીધો હતો. જેમાંથી ૧૪૩ જેટલા યુવાનોની સ્થળ પર પ્રાથમિક પસંદગી થઈ છે. પસંદગી પામેલા યુવાનોને બીજા તબક્કામાં ઈન્ટરવ્યુ માટે બોલાવી જોબ પ્લેસમેન્ટ આપવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લા રોજગાર કચેરીના રોજગાર અધિકારી શ્રી વી.એસ.પાંડોરે રોજગાર મેળા વિષે માહિતી આપી હતી. તેમજ કાઉન્સેલર શ્રી નિર્મલભાઈ પટેલે ઉમેદવારોને સ્વરોજગારી માટે વ્યવસાય માર્ગદર્શન આપ્યું હતું. તે ઉપરાંત દેના બેંકના લીડ બેંકના મેનેજર રી એ.એલ.જેતાવત અને શ્રી પ્રવિણભાઈ પંડયાએ કેશલેશ વ્યવહાર અંગે, બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાના શ્રી સ્નેહા પટેલે તેમની સંસ્થા તરફથી અપાતી તાલીમ અંગેની માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. આ રોજગાર મેળામાં કોસમોસ મેનપાવર માંથી શ્રી આર.બી. સોનવણે, એચ.ડી.એફ.સી બેંક માંથી શ્રી જનક પારેખ, એલ.આઈ.સી ઈન્ડિયાથી શ્રી બીપીન રાઠોડ, અને ટેક મહિન્દ્રા લી.ના શ્રી અંકિત શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.



ગાંધીનગરના સે-૧૨માં ઉમિયા માતાજી સંસ્થાન ખાતે સમગ્ર ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજની કારોબારી સભા યોજાઈ હતી. ગાંધીનગરમાં પ્રથમવાર યોજાયેલી આ સભામાં સમાજના પ્રમુખ તથા હોદ્દેદારો સહિત અનેક અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ વાર્ષિક સાધારણ સભામાં ચંદ્રાલા ખાતે સ્થિત સમાજના શૈક્ષણિક ભવનની સાથે કોમ્યુનિટી હોલના નિર્માણ અંગે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. આ ઉપરાંત સમાજમાં મહિલા સંગઠનને મજબૂત કરી તેની સ્વતંત્ર પાંખ વિકસાવવા ઉપરાંત સમાજને વ્યસનમુકત કરવા સહિતના મુદ્દે સઘન ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર સભાનું યજમાન પદ ગાંધીનગર ૪૨/૮૪ કડવા પાટીદારે નિભાવ્યું હતું અને દાતા અશોકભાઈ પટેલ વકીલ દ્વારા સભાના આયોજન માટે મુખ્ય ફાળો આપવામાં આવ્યો હતો. આ સભામાં સમાજમાંથી પ્રથમ કોર્પોરેટર બનેલા મનપાના વોર્ડ નં. ૬ના નગરસેવક રાકેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## દહેગામના બંધ મકાનમાંથી ૬૦ હજારથી વધુનો વિદેશી દારુનો જથ્થો જપ્ત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના દહેગામમાં બુટલેગર પોતાના બિન વપરાશવાળા ઘરમાં દારુ સંતાડી છુટક વેચાણ કરે છે તેવી બાતમી મળતા આરઆર સેલના પીએસઆઈ કે.ડી.બારોટ અને ટીમના માણસોએ બાતમીવાળા ઘરે રેઈડ કરતા ઘરના ભોંયરામાંથી વિદેશી દારુની બોટલો અને બિયરના ટીન સહિત નંગ- ૩૬૧ કિં.રૂ. ૬૪,૦૫૦નો મુદામાલ કબ્જે કરી પ્રોહીબીશનના ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ આરઆર સેલના પીએસઆઈ કે.ડી.બારોટ સહિત સ્ટાફના માણસો દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે નામચીન બુટલેગર વિક્રમસિંહ પ્રહલાદસિંહ ઝાલા રહે. લીંબચમાતાની ફળી, દહેગામ ગેરકાયદેસર રીતે અન્ય રાજયમાંથી વિદેશી દારુનો જથ્થો મંગાવીને પોતાના બિનવપરાશવાળા ઘરના ભોંયરામાં સંતાડીને છુટક કરે છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ સ્થળ તપાસ કરતા મકાન બંધ જણાતા અને કોઈ હાજર ન હોવાથી દરવાજાનું તાળુ તોડીને તેમા તપાસ કરતા મકાનની અંદર રાખલી તિજોરી હટાવીને ચેક કરતા તેના નીચે બાકોરુ પાડીને રૂમના નીચેના ભાગે ભોંયરુ બનાવી તેમા વિદેશી દારુનો જથ્થો સંતાડી રાખેલો મળી આવ્યો હતો. જેમાં વિવિધ બ્રાન્ડની વિદેશી દારુની નાની મોટી બોટલો તથા બિયરના ટીન મળી નંગ કુ.૩૬૧ કિં.રૂ. ૬૪,૦૫૦નો મુદામાલ કબ્જે કરી પ્રોહીબીશનનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## સરઢવમાંથી વધુ ૩ શંકાસ્પદ ચિકનગુનિયાના કેસ મળ્યા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામમાંથી આજે વધુ ૩ શંકાસ્પદ ચિકનગુનિયાના કેસ મળી આવ્યા છે આ સાથે ચિકનગુનિયાના દર્દીઓની સંખ્યા ૧૩ પર પહોંચી છે.

ગામના અગ્રણી મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે આજે વધુ ૩ કેસ દેખાયા છે. આ તમામને સારવાર માટે ગામની હોસ્પિટલમાં જ રાખવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આરોગ્ય તંત્રની ટીમો ખડે પગે સેવાઓ આપી રહી છે. શનિવારે પણ મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણીએ ગામનો રાઉન્ડ લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

દરમિયાન આરોગ્ય તંત્ર પણ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવી રહેલ છે. જે દર્દીઓ અગાઉ નોંધાયા હતા તે પૈકીના મોટાભાગના દર્દીઓ સ્વસ્થ થઈ ગયા છે.

ગામમાં ફોગીંગ અને સર્વેલન્સની કામગીરી પણ ચાલુ છે. તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે એક બે દિવસમાં પરિસ્થિતિ સામાન્ય થઈ જશે.

બીજી તરફ ગામમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પણ ચાલુ રાખવામાં આવ્યું છે.

## મહાગુજરાત ચળવળના પ્રણેતા પૂજ્ય ઈન્દુચાચા યાજ્ઞિકની પ્રતિમા સમક્ષ શ્રધ્ધા સુમન અર્પણ કરતાં મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ૫૭માં ગૌરવ દિવસ-સ્થાપના દિવસનો પ્રારંભ મહાગુજરાત ચળવળના પ્રણેતા પૂજ્ય ઈન્દુચાચા યાજ્ઞિકની પ્રતિમા સમક્ષ શ્રધ્ધા સુમન અર્પણ કરીને કર્યો હતો. વિજયભાઈ રૂપાણીએ ઈન્દુચાચાના નેતૃત્વમાં અનેકાનેક દૂધમલ યુવાનોએ શહીદી વ્હોરીને આપણને ગરવા ગુજરાતની ભેટ આપી છે તેનો ઋણ સ્વીકાર કર્યો હતો. આ વેળાએ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, વલ્લભભાઈ કાકડિયા, શ્રીમતી નિર્મલાબહેન વાધવાણી તથા અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહ અને પદાધિકારીએ પણ ભાવાંજલિ આપી હતી.




ખેડૂત તાલિમ કેન્દ્ર ગોધરા દ્વારા કૃષિ મેળો વ પ્રદર્શન યોજાયેલ હતુ. આ સમારોહનું અધ્યક્ષ સ્થાન ડૉ. કે.એસ. દેત્રોજા અધિક ખેતી નિયામકે શોભાવ્યુ હતુ. મુખ્ય મહેમાન તરીકે સંયુક્ત ખેતી નિયામક એમ.કે. કુરેશી હાજર રહેલ હતા. આ સમારોહમાં ડૉ. બી.એન. ઠક્કર મદદનીશ સંશોધક વૈજ્ઞાનિક (વિસ્તરણ)ને બેસ્ટ સ્ટોલ માટે આપવામાં આવ્યુ હતુ તે પ્રસંગની લેવાયેલ તસવીર.

# શ્રવણતીર્થ દર્શન યોજનાનો પ્રારંભ

## ૬૫ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને તીર્થસ્થાનોની યાત્રા માટે ૫૦ ટકા સહાય-સુવિધા આપશે ગુજરાત સરકાર : શ્રવણતીર્થ દર્શન યાત્રા માટે ચાર કરોડનું પ્રાવધાન કર્યું છે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત ગૌરવ દિવસના અવસરે શ્રવણતીર્થ દર્શન યોજનાનો પ્રારંભ કરાવતાં જણાવ્યું કે, રાજ્યના વરિષ્ઠ નાગરિકો-સિનીયર સિટીજન્સને તીર્થધામોના દેવદર્શન કરાવવાની આ રાજ્ય સરકારની વિશિષ્ઠ સેવા યોજના છે.

ભગવાન જગન્નાથ મંદિર ખાતેથી આ યોજનાનો શુભારંભ કરાવતાં તેમણે કહ્યું કે, આ સરકાર શ્રવણ બનીને વડિલોની વંદના કરવા આ યોજનાના માધ્યમથી પડખે ઉભી છે. સરકારે આ માટે રૂ.૪ કરોડનું પ્રાવધાન કર્યું છે તેની ભૂમિકા આપતાં વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્યના નાના-મોટા યાત્રાધામોનો પ્રવાસ એસ.ટી. તથા અન્ય બસોમાં નિયમાનુસાર ૫૦ ટકા ભાડા રાહત સાથે વરિષ્ઠ વડિલો કરી શકશે. તેમણે ઉમેર્યું કે આપણી સંસ્કૃતિમાં યાત્રા કરનાર જેટલું પૂણ્ય યાત્રા કરાવનારને મળે તેવી શ્રધ્ધા આસ્થા છે. વરિષ્ઠ વડિલોનું યાત્રાપૂણ્ય અમે સાડા ૬ કરોડ ગુજરાતીઓના ગુજરાતના વિકાસ, શાંતિ સલામતિ સમૃધ્ધિને સમર્પિત કરવાની ખેવના રાખી છે.

રાજ્યના યાત્રાધામોનો પ્રવાસ-યાત્રા આ વડિલો વિના વિઘ્ને શ્રધ્ધા આસ્થાથી કરી શકે અને પોતાનું નિવૃત્ત જીવન શ્રધ્ધા-ભક્તિમાં બસર કરે તેવી નેમ છે. વિજયભાઈએ યાત્રાધામોને ૨૪X૭ સ્વચ્છ સુઘડ રાખવા ૪૦ કરોડની યોજનાની પણ રૂપરેખા આપી હતી. તમેણે યાત્રાધામોની સ્વચ્છતા, વડિલોની વંદના અને રાજ્યના વિકાસમાં સૌના સાથ સૌના વિકાસની નેમ પાર પાડવા અનુરોધ કર્યો હતો.

નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, નર્મદાના પવિત્ર નીર ગામે ગામે પહોંચાડ્યા છે તે જ રીતે રાજ્યના વરિષ્ઠ નાગરિકો ગુજરાતના પવિત્ર યાત્રાધામના દર્શન કરી શકે તે માટે આ યોજના કાર્યાન્વિત કરાઈ છે. ગરીબ-મધ્યમ વર્ગના લોકો આર્થિક સંકડામણના કારણે ધર્મ સ્થળોના પ્રવાસથી વંચિત રહી જતા હતા ત્યારે આ યોજના અંતર્ગત વૃધ્ધ વરિષ્ઠ નાગરિકો રાહત દરે યાત્રાધામોના દર્શન કરી શકશે. તેમણે જણાવ્યું કે, સમગ્ર દેશમાં આ પ્રકારની યોજના સૌ પ્રથમ ગુજરાતમાં શરૂ કરાઈ છે. યોજનાનો લાભ લેવા વરિષ્ઠ નાગરિકોને તેમણે અનુરોધ કર્યો હતો.

**''ગીર'' ફાઉન્ડેશન, ગાંધીનગર**

**રીસર્ચ રીપોર્ટ છપાવવા અંગેના ટેન્ડર ભાવ**

''ગીર'' ફાઉન્ડેશન, ગાંધીનગરની કચેરી હસ્તક ચાલતા ક્લાયમેટ ચેન્જ પ્રોજેક્ટ હેઠળ ચાર (૪) રીસર્ચ રીપોર્ટ પ્રકાશિત કરવાના થાય છે. આ ચાર રીપોર્ટ મલ્ટીકલર તથા હાર્ડ હાઈન્ડીંગ સાથે છાપવાની કામગીરી માટે જે કોઈ રસ ધરાવતા હોય તેવા વ્યક્તિ / સંસ્થા / ઈજારદારોએ કે જેઓ પાનકાર્ડ ધરાવતા હોય તેઓશ્રીએ જોગ જાહેર નિવિદા તળે ભાવો મંગાવવામાં આવે છે કે, આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ સુધીમાં નીચેના સરનામે પાનકાર્ડ નકલ સાથે અરજી તથા રૂ. ૫૦૦/- રોકડા અથવા 'નિયામકશ્રી, ''ગીર'' ફાઉન્ડેશન, ગાંધીનગરના નામે ડી.ડી. / ચેક દ્વારા ભરી કોરા ટેન્ડર ફોર્મની નકલ મેળવવી. ટેન્ડરની શરતો / જોગવાઈઓ અનુસાર બંધ કવરમાં ભાવો ભરી, જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫માં જે તે ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ તારીખ સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી અત્રે મળે તે રૂએ મોકલી આપવાના રહેશે. છાપકામ માટેની શરતો તથા જોગવાઈઓ www.geerfoundation.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

સરનામું : ''ગીર'' ફાઉન્ડેશન
ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સેક્ટર-૭,
'જ' રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૭
ફોન નં. (૦૭૯) ૨૩૯૭૭૩૧૫/૩૦૦

નાયબ નિયામક,
આર. એન્ડ ડી.,
''ગીર'' ફાઉન્ડેશન,
ગાંધીનગર

માહિતી/૨૮૪/૧૭-૧૮

